# બ્વાનીના હાથનું બાકરીયું ખાધું છે?

## જાણો આ નવા શબ્દોના અર્થ



ભાષાવૈભવ સબ ટીમ

અરે વાહ, કુરકુટી તો બહુ ટેસ્ટી છે હોં! અને તમારાં બ્વાનીનાં હાથનું બાકરીયું તો મોંમાં પાણી લાવી દે. તમને થશે આ કઈ ભાષા છે? એ છે લોકબોલીમાં વપરાતા શબ્દો. મૂળાની ભાજીમાં દહીં-રાઈ મેળવીને બનાવાતાં રાયતા માટે એક જ શબ્દ વાપરવો હોય તો એ શબ્દ છે કુરકુટી. અને તમારા શ્રીમતીને તમે બ્વાનીજી કહીને સંબોધી શકો. બાકરીયું એટલે તાજી પાથરેલી ગોળપાપડી. આવી ગયું ને પાણી મોઢામાં. લોકબોલીમાં બોલાતા આવા શબ્દોને એકઠાં કરવાનું કામ કરી રહી છે ભાષા સાહિત્યને સાચવવા માટે સ્થપાયેલી ઓનલાઈન સંસ્થા ગુજરાતી લેક્સિકોન. તેમણે એક લોકકોશ તૈયાર કર્યો છે અને ગુજરાતી પ્રજાને અપીલ કરી છે કે માન્ય શબ્દકોશમાં ન હોય છતાં લોકબોલીમાં પ્રચલિત હોય એવા શબ્દો તેમને લખી મોકલવા. ભાષા એ વહેતી નદી જેવી છે. એ ત્યારે જ સમૃદ્ધ થાય જ્યારે તેમાં અન્ય ભાષાના શબ્દો, જે આપણી બોલીમાં વ્યાપક રીતે સ્થાન પામ્યા હોય તેનો અધિકૃત રીતે આપણા કોશમાં સમાવેશ કરવામાં આવે. ઓક્સફોર્ડ અને કોલિંગ જેવી માન્ય સંસ્થાઓ હિન્દી અને અન્યભાષાના શબ્દોને તેમની ડિકશનરીમાં સ્થાન આપે છે તો આપણે શા માટે નહીં? આ જ પ્રશ્નને ધ્યાનમાં રાખીને લોકકોશ નામનો અલાયદો વિભાગ ગુજરાતી લેક્સિકોનમાં શરૂ કર્યો છે. એનો અર્થ છે લોકોનો, લોકો માટે અને લોકો દ્વારા સમૃદ્ધ થતો જતો શબ્દસંગ્રહ. "અત્યાર સુધીમાં લોકોએ અમને ૩૦૦૦થી વધુ શબ્દો મોકલ્યા છે એમાંથી નિષ્ણાતોની ચકાસણી સમિતિએ માન્ય કરેલા ૯૨૦ જેટલા શબ્દોને અમે લોકકોશની સાઈટ પર સ્થાન આપ્યું છે. દોઢ વર્ષ પહેલાં આ સાઈટના લોન્ચ વખતે અમે ઓનલાઈન હરીફાઈ રાખી હતી અને જે શબ્દદાતા તરફથી સૌથી વધુ શબ્દો મળ્યા એને ઈનામ પણ આપ્યું હતું. અત્યાર સુધી ૨,૩૬,૦૦૦ લોકોએ આ સાઈટની મુલાકાત લીધી છે." કહે છે પ્રોજેક્ટ મેનેજર મૈત્રી શાહ.

લોકકોશ તૈયાર કરવાનો મુખ્ય હેતુ ડિકશનરી સિવાય લોકબોલીમાં સ્થાપિત થયેલા શબ્દોનો ડેટાબેઝ તૈયાર કરવાનો છે. કારણકે અમુક ચોક્કસ સમુદાયમાં અમુક શબ્દો બહુ રૂઢ થયેલા હોય છે જે શબ્દકોશમાં નથી હોતા. આ ડેટાબેઝને આધારે ભવિષ્યમાં વિદ્યાપીઠ કે યુનિવર્સિટીઓને જો અલાયદો શબ્દકોશ તૈયાર કરવો હોય તો કરી શકે છે.

લોકકોશની મુલાકાત લેવી હોય તો lokkosh.gujaratilexicon.com લિંક ઉપર ક્લિક કરવાથી જાણકારી મળશે. જેમણે નવા શબ્દો આપવા હોય તેમણે ઉક્ત સાઈટ પર નિ:શુલ્ક રજિસ્ટ્રેશન કરાવવાનું અને પછી આપેલી સૂચના મુજબ શબ્દ મોકલવાના રહેશે. તમારી પાસે જો આવા શબ્દોનો ખજાનો હોય તો પાસે રાખવાને બદલે હવે વહેંચી દેજો. જ્ઞાન તો વહેંચવાથી જ વધેને!